# રોકાણકારોના હિતમાં સીડીએસએલની નવી સુવિધા ટ્રસ્ટ

મુંબઈ, તા.૨૬, ૨૦૧૩ઃ

શેર વેચ્યા બાદ ઝડપથી ડિલિવરી ઉતારવા માટે અનેક રોકાણકારો પોતાના દલાલને ડિમેટ એકાઉન્ટની બ્લેન્ક ઈન્સ્ટ્રક્શન સ્લિપ સહી કરીને આપી રાખે છે અથવા પાવર ઓફ એટર્ની આપી રાખે છે, જેનો ઘણી વાર દુરુપયોગ  થતો હોય છે. આ સમસ્યાને દૂર કરવા અને રોકાણકારોનાં હિતોની રક્ષા માટે દેશની અગ્રણી ડિપોઝિટરી સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ લિ. (સીડીએસએલ)એ ટ્રસ્ટ (ટ્રાન્ઝેકશન યુઝિંગ સિકયોર્ડ ટેકસટિંગ) નામની સુવિધા અમલમાં મૂકી દીધી છે, જેનું ઉદઘાટન સેબીના બોર્ડ મેમ્બર રાજીવ અગ્રવાલના હસ્તે થયું હતું. આ પ્રસંગે બીએસઈના સીઈઓ આશિષ ચૌહાણ પણ હાજર રહ્યા હતા.

શેરબજારમાં વેચાણનો સોદો કર્યા બાદ  રોકાણકારે ટી પ્લસ ટુ નિયમ મુજબ બે દિવસમાં તેના શેરોની ડિલિવરી આપવાની હોય છે. કોઈ કારણસર આમ કરવામાં વિલંબ થઈ જાય તો રોકાણકારને નુકશાન થઈ શકે છે. આવું ન થાય એ માટે રોકાણકારો પોતાના શેરદલાલને ડિલિવરી ઉતારવા માટે પોતાના ડિમેટ એકાઉન્ટની પાવર ઓફ એટર્ની આપી રાખે છે, જેથી દલાલ રોકાણકાર વતી આ ડિલિવરી બજારમાં ઉતારી શકે છે. આમાં ઘણી વાર પાવર ઓફ એટર્નીનો દુરુપયોગ થવાના કિસ્સા બને છે. આ પ્રકારની ફરિયાદો પણ સેબીને મળતી રહે છે, જેને ધ્યાનમાં રાખી સીડીએસએલ તરફથી આ ટ્રસ્ટ નામની સુવિધા દાખલ કરાઈ છે, જેની મારફત રોકાણકાર પોતાના મોબાઈલથી એસએમએસ માર્ગે પણ વેચાણના સોદાની ડિલિવરીને  કન્ફર્મેશન આપી શકશે. આમ કરવાથી રોકાણકારનો સમય અને ખર્ચ પણ બચશે.

ટ્રસ્ટની વિશેષતાઓઃ

- ઓન માર્કેટ સોદાના કિસ્સામાં વેચાણકર્તાનો બ્રોકર સીડીએસએલની સિસ્ટમમાં ડિલિવરી ઈન્સ્ટ્રક્શન અપલોડ કરે છે. આ ઈન્સ્ટ્રક્શનને રોકાણકાર એસએમએસ દ્વારા સમર્થન આપે એ પછી જ રોકાણકારના ખાતાને ડેબિટ કરવામાં આવે છે.

- ટ્રસ્ટ મારફત કન્ફર્મેશન આપ્યા બાદ રોકાણકારે ફિઝિકલ ડિલિવરી ઈક્ટ્રક્શન સ્લિપ તેમના ડીપીને આપવાની રહેતી નથી.

- રોકાણકાર ટ્રસ્ટ માટેની નોંધણી કરાવ્યા ઉપરાંત પાવર ઓફ એટર્ની પણ સુપરત કરી રજિસ્ટર કરાવી શકે છે.

ટ્રસ્ટની નોંધણી પ્રક્રિયાઃ

- ડીપીઝ રોકાણકારોની નોંધણી એસએમએસ રજિસ્ટ્રેશન હેઠળ બીઓ મોડ્યુલના વપરાશ દ્વારા ટ્રસ્ટ માટે કરશે.
- રોકાણકાર એસએમએસ મારફત હકારાત્મક સમર્થન આપે એ પછી ટ્રસ્ટની નોંધણીની પ્રક્રિયા પૂર્ણ કરાશે.
- રોકાણકારને પ્રક્રિયા પૂર્ણ કરાઈ હોવાનો એસએમએસ મોકલવામાં આવશે.
- બ્રોકર મારફત નોંધણી કરાશે એવા કિસ્સામાં રોકાણકારને એસએમએસ મોકલવામાં આવશે.
- રોકાણકારો એ પછી ટ્રસ્ટનો ઉપયોગ તેમના બ્રોકર દ્વારા અપલોડ કરવામાં આવેલા ડિલિવરી ઈન્સ્ટ્રક્શનને કન્ફર્મ કરવા માટે કરી શકશે.

નોંધણી માટે તમારા ડીપીનો સંપર્ક કરો અથવા www.cdslindia.com લોગ ઓન કરો.